# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૦૯ તા.૦૫-૦૫-૨૦૨૩

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) તથા શાળા સંચાલન અને વિકાસ સમિતિ (SMDC) ની પુનઃરચના કરવા બાબત.

સંદર્ભ : નં. એસએસએ/કોમ્યુ. મોબી/ SMC,SMDC તાલીમ/૨૦૨૩/૧૯૧૩૬-૨૫૨ તા.૧૭/૪/૨૩અન્વયે.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે રાઇટ ટુ એજયુકેશન એકટના સેકશન-૨૧ મુજબ રાજયની તમામ પ્રાથમિક શાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) તથા માધ્યમિક શાળાઓમાં શાળા સંચાલન અને વિકાસ સમિતિ (SMDC) ૨૦૧૦-૧૧ થી રચના કરવામાં આવેલી છે.આર.ટી.ઇ.રૂલ્સ ૧૬(૧)માં જણાવ્યા અનુસાર SMC ની દર બે વર્ષે પુનઃરચના કરવાની થાય છે તે પ્રમાણે શાળા વ્યવસ્થાપન સમિતીની પુનઃરચના વર્ષ ૨૦૨૧-૨૨ માં કરવામાં આવેલ હતી વે સમગ્ર રાજયમાં એકસૂત્રતા જળવાય તે રીતે વર્ષ ૨૦૨૩-૨૪ ના નવા શૈક્ષણિક સત્રથી (વર્ષ-૨૦૨૩-૨૪ તથા ૨૦૨૪-૨૫ એમ બે વર્ષ માટે) નીચે મુજબની સુચનાઓ ધ્યાને લઈ શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) ની પુનઃરચના કરવાની રહેશે.

૧. SMC માં ૭૫ ટકા (૯ સભ્યો) શાળામાં અભ્યાસ કરતાં બાળકોના માતા-પિતા કે વાલીઓમાં જે વાલી એક વખતના કાર્યકાળમાં સભ્ય બની ચુકયા છે તે વાલી પુનઃ રચનામાં પુનઃ નિયુકિત ન મેળવી શકે તેવું જણાવી તેની કરીના પત્રકમાંક:એસએસએ કાયમની ૨૦૨૧/૧૯૪૧૧-૧૯૫૬૬.તાઃ૧૫/૦૬/૨૦૨૧ ના પત્રમાં આપેલ સૂચના મુજબ)

૨. SMC માં એક સભ્ય સ્થાનિક શિક્ષણવિદમાં નિવૃત આચાર્ય અથવા જે ગામના વતની હોય તેવા સરકારી અધિકારી કે જેઓ નિવૃત હોય અથવા તેઓની સર્વિસ ચાલુ હોય તેઓને શિક્ષણવિદ્ તરીકે લેવા સંબધિતોને જણાવવાનું રહેશે.

૩. શાળામાં વાલીસભા યોજી આચાર્યશ્રી ધ્વારા શાળા વ્યવસ્થાપન સમિતિ SMC ની પુનઃ રચના માટે વાલી મીટીંગનું આયોજન કરવું અને વાલી મીટીંગ માટે અઠવાડિયા અગાઉ વાલીઓને જાહેર સ્થળો પર જાહેરાત કરી જાણ કરવાની રહેશે તેમજ પુનઃ રચનાની કામગીરી માટે મળેલ વાલી મીટીંગની કાર્યવાહી નોંધ તૈયાર કરવાની રહેશે.

૪. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ શરૂ થતાં પહેલા સદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

૫. શાળા સંચાલન અને વિકાસ સમિતિ (SMDC) ની પુનઃ રચના માટે શિક્ષણ વિભાગના સચિવાલય,ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃબમશ-૨૦૦૮-૫૪૪૦૨૩-ગ વ. તાઃ૦૨/૧૧/૨૦૧૦ ના પત્રની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

તમામ પ્રાથમિક શાળાઓ અને સરકારી માધ્યમિક (મ્યુનિ. કોર્પોરેશન સંચાલીત) શાળાઓમાં પુનઃરચના થઈ ગયા બાદ સીઆરસી કો.ઓ. તેના હસ્તકની તમામ શાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિ SMC અને સરકારી માધ્યમિક શાળાઓમાં નિયમોનુસાર SMDC ની પુનઃરચના કરવામાં આવેલ છે તે અંગેનું પ્રમાણપત્ર યુઆરસી કો.ઓ.ને આપે યુઆરસી કો.ઓ. તેના ઝોનની તમામ શાળાઓની પુનઃ રચના થયેલ છે તેવું પ્રમાણપત્ર એડિ. પ્રોજેકટ કો.ઓ.ને આપવાનું રહેશે.

તા. ૦૫-૦૫-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

અગત્યની નોંધ :-

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદના તમામ કર્મચારીઓને જણાવવાનું કે સને ૨૦૨૨-૨૩ના જી.પી.એફ.ના હિસાબો ઓનલાઈન મુકેલ છે, જેની નોંધ લેશો.

તા.૦૫-૦૫-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી